# કડી સર્વ વિશ્વવિદ્યાલયના કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના કેમ્પસ ખાતે બીસીએ, બીબીએ, બી.કોમ અને બી.એસસી. કોલેજોના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. રૂપેશ વ્યાસ, ડૉ. રમાકાંત પુષ્ટિ અને ડૉ. વિજ્ઞા ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષની ઉજવણી માટે બીસીએ કોલેજ મુખ્ય કેન્દ્ર રહી હતી. યોગ શિબિરમાં 310 વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ જોડાયા હતા. યોગગુરુ મનોજભાઈ નાથુરામજી મેનસને વિવિધ યોગાસનો અને પ્રાણાયામની તાલીમ આપી હતી. 25 વર્ષથી વધુના યોગદાન બદલ તેઓ "ભાસ્કર રત્ન એવોર્ડ"થી સન્માનિત થઈ ચૂક્યા છે. કાર્યક્રમ દરમિયાન યોગના વૈશ્વિક મહત્વ અને યુવાનોના શારીરિક-માનસિક વિકાસમાં તેની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન NSS સેલના પ્રોગ્રામ કોઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો. હિમાની ગજ્જર તથા વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસરો, સ્ટાફ અને NSS સ્વયંસેવકોના સહયોગથી સંપન્ન થયું હતું.